વર્ષ ૨૦૨૦-૨૧ની નવી બાબત.

ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણા અને વિકાસ નિગમમાં કૌશલ્ય વર્ધન તાલીમ અને નવી યોજનાની અમલવારી, પ્રચાર અને સમારંભ ખર્ચ માટે કુલ રૂ.૫૦૦.૦૦ લાખ ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,

ઠરાવ ક્રમાંક:અપગ/૧૦૨૦૨૦/૭૮૫૬૬/છ.૧,

સચિવાલય, ગાંધીનગર.

તા.૦૨/૦૭/૨૦૨૦.

વંચાણે લીધા:-

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૧૭/૦૫/૨૦૧૭ના ઠરાવ ક્રમાંક:અપગ/૧૦૨૦૧૭/૮૦૯૪૩/ન.બા.૧૦/છ.૧.

(૨) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૧૬/૧૨/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક:અપગ/૧૦૨૦૧૭/૪૯૭૯૭૬/છ.૧.

(3) નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરનો તા.૧૫/૦૪/૨૦૨૦નો પત્ર નં.યજન/નવી બાબત-વહી.મંજુરી/૨૦-૨૧/૮૦.

આમુખ-

ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણા અને વિકાસની રચના કરવા માટે વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના વિભાગના તા.૧૭/૦૫/૨૦૧૭ના ઠરાવથી મહેકમ ઉભું કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના વિભાગના તા.૧૬/૧૨/૨૦૧૯ના ઠરાવથી ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણા અને વિકાસ નિગમની રચના કરવામાં આવેલ છે અને નિગમના આર્ટીકલ્સ ઓફ એસોશિયેશન અને મેમોરેન્ડમ ઓફ એસોશિયેશન બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણા અને વિકાસ નિગમમાં કૌશલ્ય વર્ધન તાલીમ અને નવી યોજનાની અમલવારી, પ્રચાર અને સમારંભ ખર્ચ માટે કુલ રૂ.૫૦૦.૦૦ લાખ ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવા બાબતે વંચાણે લીધેલ ક્રમાંક (3) પરના તા.૧૫/૦૪/૨૦૨૦ના પત્રથી કરવામાં આવેલ નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરના વંચાણે લીધેલા ક્રમાંક(3) પરના પત્રથી કરવામાં આવેલ દરખાસ્તના અનુસંધાને ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણા અને વિકાસ નિગમમાં કૌશલ્ય વર્ધન તાલીમ અને નવી યોજનાની અમલવારી, પ્રચાર અને સમારંભ ખર્ચ માટે કુલ રૂ.૫૦૦.૦૦ લાખ ખર્ચ કરવાની નીચેની શરતોને આધિન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

શરતો:

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(3) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો-પરિપત્રો અને નિયમોની જોગવાઈ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિંત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતીની જોગવાઈનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) આઈ.ટી.સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ અને ટેકનોલોજી વિભાગની વખતોવખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક:એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઈ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓ અને ત્યારબાદ વખતો-વખત થયેલ સુધારાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૦) આ યોજના અન્વયે મંજુર થયેલ મહેકમ વધુ સમય ચાલુ રાખવા અંગે અલગથી દરખાસ્ત રજુ કરી મંજૂરી મેળવી લેવાની રહેશે.

(૧૧) ઉક્ત નવી બાબતની વહીવટી મંજૂરી અન્વયે નાણા વિભાગના કરકસર અંગેના તા.૦૬/૦૬/૨૦૨૦ના ઠરાવ ક્ર.ખરચ-૧૦૨૦૧૦-૧૧૮-ઝ-૧થી અપાયેલ સુચનાઓ અનુસાર ખર્ચ થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

(૧૨) ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણા અને વિકાસ નિગમમાં કૌશલ્ય વર્ધન તાલીમ અને નવી યોજનાની અમલવારી, પ્રચાર અને સમારંભ ખર્ચ માટે કુલ રૂ.૫૦૦.૦૦ લાખ ખર્ચ કરવા અંગે જરૂરી કાર્યયોજના વિગતવાર તૈયાર કરી વિભાગની મંજૂરી મેળવવાની રહેશે અને વિભાગની મંજૂરી મળ્યા બાદ જ ખર્ચ કરવાનો રહેશે.

(૧૩) આ અંગેનો ખર્ચ બજેટ હેડ: **92 : 2235 : 02 : 190 : 01-SSW-24 : Gujarat State Handicapped (Divyang) Finance & Development Corporation** હેઠળ પાડવાનો રહેશે.

આ મંજૂરી વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૨૫/૦૬/૨૦૨૦ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

patelDC

(ડી. સી. પટેલ)
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (કરકસર), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી (સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં-૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેના કમિશ્નરશ્રીની કચેરી, વિંગ ડી-૧, બ્લોક નં.૨, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦,ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણા અને વિકાસ નિગમની કચેરી,છઠ્ઠો માળ, બ્લોક નં.૧, એ-૧ વિંગ, કર્મયોગી ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ.
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (મારફતે નિયામકશ્રી સમાજ સુરક્ષા).
- છ શાખા/બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, વિભાગની વેબસાઇટ પર મુકવા વિનંતી સહ.
- ના.સે.અ. સિલેક્ટ ફાઇલ.
- શાખા સિલેક્ટ ફાઇલ.